# જૈન ધર્મમાં સંવત્સરી પર્વનું સ્થાન અને સંવત્સરી પર્વમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ

જૈન કુળમાં જન્મેલા જીવો અત્યંત ભાગ્યવાન છે, પુણ્યવાન છે અને ગુણવાન છે કે તેમને ઈષ્ટદેવ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન મળ્યાં. ભગવાન કેવા છે ? સંપૂર્ણ વિતરાગ દશા પામેલ, સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, (જ્ઞાન બળ, યોગબળ અને વચનબળથી પૂર્ણપણું પામેલા). જગતમાં એમનાથી વધારે કોઈપણ શ્રેષ્ઠ પુરૂષ ન હોય કારણ કે પરમાત્મા શ્રી તીર્થંકર નામકર્મ પામેલા હોવાથી અને આવા પરમ મહાપુરૂષ થકી મળેલો સંપૂર્ણ મોક્ષમાર્ગ કે જેમાં એક સમયથી લઈને સર્વ સમયનું જ્ઞાન, એક ક્ષેત્રથી લઈને ૧૪ રાજલોકનાં ક્ષેત્રનું જ્ઞાન, એક અણુ-પરમાણું જેવડાં પદાર્થથી લઈને ૧૪ રાજલોકમાં ફેલાયેલાં સર્વ સમયનાં પદાર્થોનું જ્ઞાન, અને જીવનાં અંશમાત્રનાં અજ્ઞાનથી લઈને અજ્ઞાન અને જ્ઞાન (કેવળજ્ઞાન સુધીનું જ્ઞાન), આવા પ્રકારનાં સંપૂર્ણ જ્ઞાનથી ભરેલો બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય મોક્ષમાર્ગ જગતનાં કોઈપણ મોક્ષમાર્ગી ધર્મને આવો ધર્મ મળ્યો નથી. આવો ધર્મ આપીને શ્રી તીર્થંકર પરમાત્માએ બાળજીવો ઉપર કરેલા પરમ-પરમ ઉપકારને બાળજીવો અહોભાવથી પરમ ઉપકાર માનીને નિષ્કામ ભાવથી શ્રી પરમાત્માને ત્રિકાળ વંદના કરીએ.

શ્રી પરમાત્માએ ધર્મ સ્થાપીને (આપીને) જૈનકુળને અને જૈન સંપ્રદાયને જગતની શ્રેષ્ઠતામાં પ્રથમ સ્થાન અપાવ્યું. ભવિષ્યકાળનાં સંજોગો જાણીને શ્રી ગણધર પરમાત્માએ પાંચમાં આરાનાં ૨૧૦૦૦ વર્ષો સુધી ધર્મ જળવાય તેવા પ્રકારનાં સવાલો પૂછીને બાળજીવો સમજી શકે અને પરીણામો મેળવી શકે (શાસ્ત્રો સાચવવા મુશ્કેલ પડે તો પણ) તેવા જવાબો શ્રી પરમાત્મા પાસેથી મેળવીને આપણી ઉપર પરમ ઉપકાર ચડાવ્યો. અને શ્રી પરમાત્માએ એક-એક વાક્યમાં સંપૂર્ણ શાસ્ત્રોનો સાર અને પૂર્ણ મોક્ષમાર્ગ આપી દીધો, જેમ કે ઉણોદર તપમાં બધા તપોનો સમાવેશ કરી દીધો. સામાયિકમાં સંપૂર્ણ જગતની વિસ્મૃતિનું અને પૂર્ણ આત્માની જાગૃતિનું જ્ઞાન આપી દીધું. દાન અને ત્યાગમાં પુણ્યા શ્રાવકની આજીવીકા અને અતિથીનું આતિથ્ય સમજાવી દીધું. શ્રી નમસ્કાર મહામંત્રમાં પૂર્ણ મોક્ષમાર્ગમાં ચાલવાનું જ્ઞાન આપી દીધું અને બાળજીવો અનંત ભવભ્રમણમાં ફરવામાં કેવા પ્રકારથી કર્મ બાંધે છે તેનું કારણ ૩ શબ્દોમાં આપી દીધું, રાગ, દ્વેષ અને અજ્ઞાનથી જીવો અનંતા કર્મો બાંધે છે, માટે ભવ ભ્રમણમાં ફરે છે. અજ્ઞાન જ્ઞાનના જાણકારથી ટળે, રાગ તો જીવ સ્વાર્થથી પ્રેરાઈને (સુખબુધ્ધિથી) કરે છે અને મોટો રાગ થાય તો નાના રાગનું વિસ્મરણ કરે છે અને બળવાન રાગ શ્રી પરમાત્મામાં અને સદ્‌ગુરૂમાં કરે ત્યારે તે રાગ નિષ્કામમાં પરીણામ પામીને પૂર્ણતાએ ક્ષય થાય છે. પણ દ્વેષનો ઉપાય કોઈ નથી. જીવ નાનો દ્વેષ કરે અને પછી મોટો દ્વેષ બીજે કરે તો પણ નાના દ્વેષનું વિસ્મરણ થતું નથી પણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરીને નાના દ્વેષને મોટો બનાવી દે છે અને તેનાં કારણે કષાયો સહિત અનંતા કર્મો બાંધે છે. આનો ઉપાય જગતનાં કોઈ ધર્મોમાં સરળતાપૂર્વક આપ્યો નથી. પણ જૈન સંપ્રદાય અને જૈનકુળનાં બળવાન ભાગ્યે અને શ્રી પરમાત્માની નિષ્કામ કરૂણા દ્રષ્ટિનું ફળ આપણને પ્રાપ્ત થયું જેને આપણે સંવત્સરી (ક્ષમાપના) ક્ષમા લેવી અને ક્ષમા આપવી કહીએ છીએ. શ્રી પરમાત્મા તરફથી મળેલા અનેક વરદાનોમાં બાળજીવોને ધારણ કરવા માટે સરળ, સહજ અને વ્યવહારને અનુરૂપ એવું જો સર્વ શ્રેષ્ઠ વરદાન ગણવું હોય તો ગણી શકાય અને સરળતાથી દ્વેષનો ક્ષય કરવાનું તત્વ એ સંવત્સરી. આવા સંવત્સરીનાં વરદાનમાં શ્રી પરમાત્માનું પૂર્ણયોગબળ, જ્ઞાનબળ અને વચનબળ ભરેલું છે. અને તેની સાબીતી સ્વરૂપે આજે લગભગ ૨૫૦૦ વર્ષો પછી પણ તત્વ સ્વરૂપે સંવત્સરી જળવાઈ છે. (ઘણા ઘણા વિધ્નો આવ્યાં છતાં) અને બીજું પ્રગટ લક્ષણ : જૈનકુળમાં જન્મેલો કોઈપણ જીવ, જગતનાં ગમે તે ક્ષેત્રમાં વસતો હશે અને ગમે તેટલો અધર્મી હશે તો પણ સંવત્સરીનાં દિવસે પોતે જૈન છે તેવું સ્મરણ સહેજે કરે છે અને સંવત્સરીનાં દિવસને વર્ષનો શ્રેષ્ઠ દિવસ ગણે છે અને ત્રીજું લક્ષણ : જૈન ધર્મનો નાનામાં નાના બાળજીવથી લઈને મોટામાં મોટા જીવ અન્યધર્મીની સાથે વાતચીતમાં ફક્ત એટલું જ જણાવે કે અમારી સંવત્સરી હવે આવશે ત્યાંજ સામે વાળો જીવ સમજી જાય કે તમે જૈન છો?

અને ચોથું લક્ષણ : જૈન સંપ્રદાયનાં બધા જ પંથો જેવા કે દેરાવાસી, સ્થાનકવાસી, દિગંબર વિગેરે અનેક પંથોમાં જો કોઈપણ સામ્ય હોય તો તે એક જ સંવત્સરીમાં, આવા તો અનેક લક્ષણો સંવત્સરીમાં રહેલા છે કે જેનાથી સાબીત થાય કે સંવત્સરીમાં શ્રી તીર્થંકર પરમાત્માનું યોગબળ, જ્ઞાનબળ અને વચનબળ રહેલાં છે. તો શ્રી પરમાત્માની નિષ્કામ કરૂણા દ્રષ્ટિથી પ્રાપ્ત થયેલી સંવત્સરીની આરાધના કેમ કરવી અને વિરાધનાથી કેમ બચવું તેનાં માટે જૈન સંપ્રદાયનાં એક તિથિ અને બે તિથિનાં શ્રી સાધુ ભગવંતો તરફ આખો સમાજ મીટ માંડીને ઊંચા શ્વાસે, ઊંઘ અને ભુખ હરામ કરીને સંવત્સરીની વિરાધના ન થાય તેનાં ઉપાય માટે અને સંપ્રદાયમાં એકતા જળવાય તે માટે શ્રી સાધુ ભગવંતોમાં સમાધાન થાય તેની રાહ જોઈને શ્રાવક-શ્રાવિકાઓ બેઠા છે. સમાધાનમાં શ્રાવકો સહયોગી થઈ શકીએ તેવાં પ્રકારની પહેલા વિચારણા કરીએ.

### સંવત્સરી એટલે ક્ષમાપનાં.
### ક્ષમાપનાં એટલે ક્ષમા લેવી અને ક્ષમા આપવી.

**ક્ષમા લેવાનું કારણ અને ફળ :-** ક્ષમા લેવાનું કારણ જગતનાં કોઈપણ પંચેન્દ્રિયવાળા જીવનું જાણતાં કે અજાણતાં અહિત કર્યુ હોય, કરાવ્યું હોય કે કરનારાનાં વખાણ કર્યા હોય અને તેનાં કારણે તે જીવને જે પ્રકારથી આત્માને દુઃખ થયું હોય (તે દુઃખને પંચેન્દ્રિયની હિંસા બરાબર ગણાય છે), તે દુઃખને ભુલવવા અને તે જીવને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાંથી બહાર લાવીને તે જીવ પાછો આત્માની પ્રસન્નતામાં આવી જાય તે માટે ક્ષમા માંગવાની હોય છે. અને તે ક્ષમા માંગવાથી ક્ષમા માંગનાર હિંસકભાવમાંથી બહાર આવે છે. અને તેનાં કારણે જીવ અહિંસકભાવ ધારણ કરે છે. અને તેથી ક્ષમા માંગનાર અહિંસકપણું પામે છે.

**ક્ષમા આપવી :-** જ્યારે કોઈ જીવ થકી જાણતાં કે અજાણતાં અહિત થયું હોય કે અહિત કરાવ્યું હોય ત્યારે અહિત કરનાર પ્રત્યે જે દ્વેષ અને દુર્ભાવ જાગે છે અને તેનું અહિત કરવા જીવ તૈયાર થાય છે. પણ જો જીવ તે જીવની સામે જઈને તે જીવને ક્ષમા આપી દે અથવા લેવા આવે તો પોતાના અહિતનાં દુઃખનું વિસ્મરણ કરીને સામેનાં જીવને ક્ષમા આપે ત્યારે સામેના જીવ અહોભાવથી ગદ્‌ગદીત થઈ જાય છે. અને તે જીવને નિર્ભયતા પ્રાપ્ત થાય છે કે હવે મેં જેનું અહિત કર્યુ તે મારૂં અહિત નહીં કરે અને આ પ્રકારે સામેનાં જીવને નિર્ભયતા આપવાથી જીવને પોતાને નિર્ભયતા પ્રાપ્ત થાય છે. ગુમાવવાનો ભય જતો રહેવાથી જીવ નિર્ભયપણું પામે છે. આ પ્રકારે જીવ સંવત્સરીનાં શ્રેષ્ઠ દિવસે વ્યવહારથી અમીર-ગરીબ, વયમાં નાના-મોટા, ભણેલાં-અભણ, સત્તાવાન-સત્તાહીન, શારીરીક બળવાન-દુર્બળ, સ્ત્રી-પરૂષ, વ્યવહારીક સંબંધોને ભુલીને પરસ્પરને ક્ષમા લેવી અને ક્ષમા આપવાનું, જીવો સશક્તપણે, લાચારી કે પરવશપણાંનો ભાર રાખ્યાં વગર અને કોઈપણ જીવની નબળાઈ ગણ્યાં વગર અને ભય રહીત, આત્મ સન્માન સહિત, આત્માને આત્મા આવકારે તે પ્રકારથી જીવો દ્વેષ રહીત થાય છે. માટે દ્વેષ કાઢવાનો સર્વ શ્રેષ્ઠ ઉપાય આત્મ સન્માન સાથે દોષ દેખાડ્યાં વગર અહિંસકપણું પામવા અને નિર્ભયપણું લાવવાં અને વ્યવહારમાં પૂર્ણપણું જળવાય તેવી જો જગતમાં કોઈપણ ધર્મમાં વ્યવસ્થા હોય તો ફક્ત જૈન ધર્મમાં જ છે. એ જે વ્યવસ્થા તે જૈનધર્મનો **સર્વ શ્રેષ્ઠ દિવસ સંવત્સરી**, જે ફક્ત જૈનોને મળી છે.

હવે સંવત્સરીનાં દિવસનો ફેરફાર જે પૂર્વમાં થયેલ હતો તેનો વિચાર કરીએ. પૂર્વમાં જે શ્રી જ્ઞાની મહાપુરૂષે પાંચમની ચોથ કરી ત્યારે તે મહાપુરૂષે શાસ્ત્રનાં આધારે કરી હોય તો આજે પણ સંવત્સરીનો દિવસ શાસ્ત્રનાં આધારે નક્કી કરવો જોઈએ. અને જો તે શ્રી જ્ઞાની મહાપુરૂષે રાજ્યાશ્રયને કારણે (દેશ-કાળનાં કારણે) વિશાળ શ્રાવકો-શ્રાવિકાઓનાં આત્મહીતને લક્ષમાં રાખીને **સંવત્સરી તત્વ છે** અને **દિવસ એ દ્રવ્ય છે.** તો તત્વને જાળવવાં દ્રવ્યનો ફેરફાર શ્રાવકોનાં આત્મહીત અને આત્મિક પરીણામ માટે જો દિવસ ફેરવ્યો હોય તો આજે પણ વિશાળ શ્રાવક-શ્રાવિકાઓનાં આત્મ લક્ષ અને આત્મિક પરીણામ માટે અને શ્રાવકો સમુહમાં એક થઈને સામુહીક સંવત્સરી મનાવે તેવા પ્રકારનાં શ્રી સાધુ ભગવંતોએ ઉપાય કરવા જોઈએ. અને તે ઉપાયોમાં સાચા-ખોટાંનો મમત્વભાવ રાખ્યાં વગર અને પોતાનાં પક્ષનો વિચાર છોડીને ટુંકી દ્રષ્ટિને વિશાળ દ્રષ્ટિ બનાવીને બધા પક્ષોને માન્ય હોય અને મોટાભાગનાં શ્રાવક-શ્રાવિકાઓ જેવું ઈચ્છતાં હોય તેવું શ્રી સાધુ ભગવંતો વિચારીને એકતા લાવવી જોઈએ. આપણે સામાન્ય સમજણથી એવું માનીએ છીએ કે બે સંવત્સરી વચ્ચે ૩૬૦ દિવસથી વધારે દિવસો ન જવા જોઈએ એવો કોઈ સિધ્ધાંત નથી જેમકે ગયા વર્ષની સંવત્સરી અને આ વર્ષની સંવત્સરીની વચ્ચે અધિક માસ આવવાથી લગભગ ૧૩ માસ એટલે કે સામાન્યપણે ૩૯૦ દિવસ થયા ગણાય. (તિથિની વધઘટે થોડા દિવસોની વધઘટ શક્ય હોય) અને ઘણી વખત શ્રાવિકાઓને અંતરાયને કારણે પણ પ્રતિક્રમણ પાછળનાં દિવસોમાં કરાવીએ છીએ ત્યારે પણ દિવસો વધી જાય છે. તો જો દિવસોની વધઘટ ચાલતી હોય તો એક દિવસ આગળ-પાછળ કરવામાં શ્રાવક-શ્રાવિકાઓનું આત્મલક્ષ અને આત્મકલ્યાણનું કારણ બનતું હોય તો એક દિવસનો ફેરફાર કરવામાં મુશ્કેલી શું છે ?

હવે આપણે શ્રી ઉમાસ્વાતીજીનાં ગ્રંથનાં આધારનો વિચાર કરીએ કે એ ગ્રંથની જરૂર પૂર્વમાં કેમ ઉભી થઈ અને તેનો આધાર શા માટે લેવો અનિવાર્ય ગણાય. જ્યારે જૈન પંચાંગનો લોપ થયો અને માસની ૧૨ તિથિઓ પાળવી કેવી રીતે અને તે પણ ખાસ કરીને સાધુ-સાધ્વીજીઓએ ત્યારે પંચાંગ હિન્દુ વિધિનાં ઉપલબ્ધ હતાં અને સંદેશા વ્યવહારની ૧૦૦ થી ૨૦૦ વર્ષો પહેલાં વ્યવસ્થા ન હતી. અને સાધુ-સાધ્વીજીઓ વિહારમાં હોય ત્યારે ખબર કેમ પડે કે આજે પર્વતિથિ છે કે નહીં. હિન્દુ પંચાંગ જોવા મળે, પણ આપણી પર્વતિથિઓ કેમ જાણવી ? તે જાણવા માટે સાધુ-સાધ્વીજીઓ ગચ્છાધિપતીની આજ્ઞાથી શ્રી ઉમાસ્વાતીજીનાં ગ્રંથનાં આધારથી આપણે પર્વ તિથિ કેમ જાણવી તે નક્કી કર્યુ હશે અને નાના ગામોમાં વસતાં જૈન શ્રાવકો અને શ્રાવિકાઓએ પર્વ તિથિ કેમ જાણવી તે શ્રી ઉમાસ્વાતીજીનાં ગ્રંથથી નક્કી કરતાં હશે તેમ માનવું રહ્યું. અને તે ગ્રંથનાં આધારથી જૈનો સમાન દિવસોએ પર્વતિથિની આરાધનાઓ કરતા હશે અને માટે શ્રી ઉમાસ્વાતીજીનાં ગ્રંથમાં ક્ષય અને વૃધ્ધિની જે સમજણ આપી છે તે અન્ય પંચાંગમાંથી આપણી પર્વતિથિ કેમ જાણવી તે જાણવા માટેની ઘણી સારી અને સ્પષ્ટ સમજણો આપી કહેવાય. જો જૈનોનાં પંચાંગ હોત તો ગ્રંથમાં આવી સમજણ આપવાની જરૂર ગ્રંથકારને ન જણાત અને આપી પણ ન હોત. તેમ આપણે સામાન્યપણે વિચારી શકીએ.

### દેશ-કાળનાં આધારે ધર્મ ઓછો થાય તે સ્વિકાર્ય પણ દેશ-કાળનાં આધારે ખોટો ધર્મ ન સ્વિકાર્ય.

હવે આપણે સંવત્સરી અને પર્વતિથિનાં તફાવતનો વિચાર કરીએ.

૧. સંવત્સરી એ શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલું તત્વ છે.
૧. પર્વતિથિ એ જ્ઞાની મહાપુરૂષોએ આપેલો સમયનો (કાળનો) પ્રભાવ ગણાય.
૨. સંવત્સરી એ તત્વ છે. તત્વ એ આત્માનાં પરીણામનું કારણ ગણાય.
૨. તિથિ એ દિવસ છે તે દ્રવ્ય ગણાય અને પ્રતિકુળતાએ દ્રવ્ય ચુકાય તે ક્ષમ્ય ગણાય.
૩. તત્વ એ શાસ્ત્ર કહેવાય. અને તે શાસ્ત્ર સ્વરૂપે રહે.
૩. દ્રવ્ય દેશ-કાળને અનુરૂપ હોય અને તે વ્યવહારની અનુકુળતાપણે હોય.
૪. સંવત્સરીમાં આત્માનો પુરૂષાર્થ રહેલો છે. ક્ષમા લેવી-ક્ષમા આપવી.
૪. પર્વતિથિમાં આત્માનો ઉપયોગ હોય અધર્મથી બચવાનો.
૫. સંવત્સરીની આરાધનામાં ભવભવાંતરનાં દોષો તુટે અને વિરાધનામાં ભવભવાંતરમાં સાથે રહે તેવા દોષો પડે.
૫. પર્વતિથિમાં એક ભવનો જ આયુષ્યબંધ પડે અને તે પણ કંઈ તિથિ એ પડે તે જીવને ખબર હોતી નથી.
૬. સંવત્સરીની આરાધનાં મોક્ષનું કારણ બને.
૬. પર્વતિથિની આરાધનાં સારી ગતિનું કારણ બને.

# જૈન ધર્મમાં સંવત્સરી પર્વનું સ્થાન અને સંવત્સરી પર્વમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ

૭. સંવત્સરીની આરાધનાથી કષાયો તુટે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છુટે.
૭. પર્વતિથિથી કષાયો શાંત કરાય.
૮. સંવત્સરી વર્ષમાં એક દિવસ હોય.
૮. પર્વતિથિ વર્ષમાં ઘણી હોય (માસમાં ૧૨)
૯. સંવત્સરીથી આખા વર્ષનાં દુર્ભાવ અને દ્વેષ ટાળવાનું કારણ બને.
૯. પર્વતિથિમાં દ્વેષ શાંત રહે, ટળે નહીં.
૧૦. સંવત્સરીમાં શ્રાવકો કોઈપણ સંજોગોમાં વ્યવહાર અને વ્યાપારની છુટ લેતાં નથી.
૧૦. પર્વ તિથિમાં શ્રાવકો વ્યવહાર અને વ્યાપાર પણ જાળવે છે. (કરે છે.)
૧૧. સંવત્સરીનો પર્વ નાનામાં નાનો શ્રાવક પણ મનાવે છે.
૧૧. પર્વ તિથિ લગભગ ધર્મ કરવાવાળા જ પાળે છે.
૧૨. સંવત્સરીમાં જૈન ધર્મનાં બધા સંપ્રદાયો અને પૂર્ણ શ્રાવકગણોએ એક જ દ્રષ્ટિ સ્થાપી છે.
૧૨. પર્વતિથિ બધા પોત-પોતાની અનુકુળતા પ્રમાણે કરે છે, કોઈ ૫ કે ૧૦ કે ૧૨ કોઈ નિયમ નથી.
૧૩. સંવત્સરી પર્વની આરાધનાં આખા વર્ષનાં દોષોનું પંચેન્દ્રિયનાં આત્મઘાતની હિંસાનું અને ભય પ્રકૃતિનું નિવારણ કરાવે છે અને વિરાધનાં તે દોષોને વેદવા પડે તેવાં બળવાન બનાવે છે.
૧૩. પર્વતિથિમાં ઉપયોગ રાખવાથી બળવાન દોષો પડતા રોકાય છે.
૧૪. સંવત્સરી ન પળાય તો જીવને વેદન રહે છે.
૧૪. પર્વ તિથિ ન પળાય તો જીવને વેદન નથી.
૧૫. સંવત્સરી એ શ્રાવકોનો મુખ્ય ધર્મ ગણાય કારણ કે દ્વેષ-દુર્ભાવ, બીજાનાં આત્મનાઓને ત્રાસ આપવો, પરનિંદા, પરપિડન, બીજાને ભયમાં રાખવાં વિગેરે સંસારમાં હોવાથી આ બધું જાણતાં અજાણતાં જીવો કરતાં હોય છે. માટે તેનું નિવારણ એ સંવત્સરી પર્વ ગણાય.
૧૫. પર્વતિથિ એ મુખ્ય શ્રી સાધુ-સાધ્વીજીનો ધર્મ ગણાય કારણ કે તેઓ સાધનાનાં માર્ગનાં પ્રખર સાધકો ગણાય અને સંસાર ત્યાગ્યો હોવાથી ઉગ્ર સાધનાં પર્વ તિથિઓમાં કરી શકે.
૧૬. સંવત્સરીની આરાધનામાં શ્રી સાધુ-સાધ્વીજીઓએ બહાર ક્ષમાપનાં કરવાની જરૂર હોતી નથી, તેઓને દ્વેષ-દુર્ભાવ કરવાનાં કારણ ન હોવાથી.
૧૬. પર્વતિથિ એ વર્તમાનમાં લગભગ શ્રાવકો-શ્રાવિકાઓ લિલોતરી ત્યાગીને જ પાળે છે. પ્રતિક્રમણ બહુ જુજ શ્રાવકો કરતાં હશે.

હવે સંવત્સરીનાં યોગબળનો વિચાર કરીએ. જ્યારે જૈન શ્રાવકો-શ્રાવિકાઓ અને સાધુ-સાધ્વીજીઓ એક જ દિવસે સંવત્સરીપર્વ મનાવે ત્યારે ભાવોલ્લાસ સમુહનાં કારણે અત્યંત પરમ ઉલ્લાસ પામે અને તેનાં કારણે જીવો આત્મિકતાથી સહજ રીતે અત્યંત નમ્રતા ધારણ કરે (ધારણ કરવી ન પડે) આદરસહિત આનંદીતપણે ક્ષમા લેવામાં સંકોચ ન પામે અને ક્ષમા આપવામાં પણ અહંકાર ન કરે, સરળતાથી ક્ષમા લેવા અને ક્ષમા આપવાનું બને અને ભાર વગર દ્વેષમુક્ત અને હિંસા રહીત થવાય. આ છે સંવત્સરીનો મહિમા અને શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર ભગવાનનાં યોગબળ, જ્ઞાનબળ અને વચનબળનું ફળ.

**''હિંસકપણું ત્યાગો અને નિર્ભયપણું પામો. અહિંસક બનો અને ભવમુક્તિ પામો''.**

આપણે ઉપરનાં કારણોથી સંવત્સરી પર્વ અને પર્વતિથિનું અવલોકન કર્યુ અને તેનાં સાર સ્વરૂપ સંવત્સરીપર્વમાં આખી પર્વતિથિઓ સમાય પણ પર્વતિથિઓ આખા વર્ષની ગણીએ તો પણ સંવત્સરી પર્વ અલગ ગણાય. આજનાં વર્તમાન દેશ-કાળનાં સંજોગોથી વિચારીએ તો શ્રાવકોની શ્રધ્ધા અને અનિવાર્યતા સંવત્સરી પર્વની છે અને પર્વતિથિની ઉપયોગીતા શ્રી સાધુ-સાધ્વીજીઓને છે અને જ્યાં સુધી પર્વતિથિઓનું મહત્વ શ્રાવક-શ્રાવિકાઓ સમજે નહીં અને પર્વતિથિઓ પાળવાની જાગૃતતાં દાખવે નહીં ત્યાં સુધી તિથિઓનો વિવાદ જાહેરમાં ચર્ચા વગર શ્રી આચાર્ય ભગવંતોએ આપસમાં બેસીને ચર્ચવી જોઈએ અને સંવત્સરી પર્વ શ્રાવકગણોનો પર્વ ગણીને સંઘને જ્યારે ૨૫માં ભગવાન માનતાં હોઈએ તો સંઘની દેશ-કાળનાં સંજોગો અનુસાર શ્રધ્ધા-એકતા, આત્મિક લક્ષ વિગેરે જળવાય તેવી સમજણ સહિત સંવત્સરી પર્વ મનાય તેવી સમજુતિ શ્રી ધર્માચાર્યોએ કરવી જોઈએ અને જ્યારે શ્રાવકો પર્વતિથિઓમાં વ્યવહાર અને વ્યાપાર ત્યાગીને પર્વતિથિઓ પાળે ત્યારે જ શ્રાવકો સમક્ષ પર્વતિથિઓની વિચારણા કરાય. (ખાલી લિલોતરી ત્યાગવી અને આખો દિવસ કષાય અને સંસારભાવમાં રહેવાથી આયુષ્યનાં બંધમાં બહુ મોટો ફરક પડતો નથી) જીવ જેવું જીવન જીવે તેવો સ્વભાવ બને અને જેવો સ્વભાવ તેવા ભાવ અને જેવા ભાવ તેવી ભાવી ગતિ ગણાય.

આવા પ્રકારે સંવત્સરી પર્વ અને પર્વતિથિનો મહિમા છે. બંને પર્વો જૈનધર્મનાં અંગ કહેવાય છતાં શ્રી તીર્થંકર પરમાત્માનો પરમ ઉપકાર ગણીને સંવત્સરીપર્વનું મુલ્ય અને તેમાં રહેલી શ્રધ્ધાનું બળ ઓછું ન થાય તેનું ધ્યાન રાખવાનું જૈનધર્મનાં નાના બાળજીવથી લઈને શ્રી ગચ્છાધિપતી સુધીનાં સર્વ જીવોનો ધર્મ મનાય અને શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાની આરાધના એ ભક્તિ કરી ગણાય.

**ધર્મ ધારણ કરવામાં તિથિ બળવાન ?
કે
''ધર્મ ધારણ કરવામાં સંજોગ બળવાન ?''**

હવે આપણે વર્તમાન સંજોગોનો વિચાર કરીએ. સંવત્સરીનો વિવાદ ઘણા વર્ષોથી ચાલે છે. પણ પહેલાં સ્થિતી થોડી જુદી હતી. પહેલાંનાં વખતમાં શ્રાવક-શ્રાવિકાઓનો મોટો વર્ગ નાના-નાના ગામડાઓમાં હતો એક જગ્યાએ મોટો વર્ગ ન હતો. બીજું તે વખતમાં શ્રી આચાર્ય ભગવંતોનું આત્મિક બળ બળવાન હતું. શ્રી ગચ્છાધિપતીની આણમાં શ્રી સાધુ ભગવંતો વર્તતા હતાં. અને નાના ગામોમાં એકમતિ વર્તતી હતી. માટે સંવત્સરી જે તિથિએ કરે એ તિથિએ સંવત્સરી આખા ગામમાં મનાવાતી હતી. તેથી એકતામાં ખલેલ પડતી ન હતી અને ભાવોલ્લાસ જળવાતો હતો, જ્યારે આજે પરિસ્થિતી બદલાય ગઈ છે. નાના ગામોનાં શ્રાવક-શ્રાવિકાઓ નગરમાં મોટા સમુહમાં રહે છે. નાના ગામોમાં શ્રાવકો રહ્યાં નથી. હવે મોટા સમુહમાં શ્રાવક-શ્રાવિકાઓ રહેતા હોવાથી જો અલગ અલગ સંવત્સરી કરવી પડે તો ઘણા નબળા પરીણામો આવવાની શક્યતા રહેલી છે તેનો વિચાર કરીએ. તેમાં સૌથી વધારે ખરાબ પરીણામો નાના બાળકોમાં આવવાના છે. નાના બાળકો સમુહમાં પુજા-ભાવનાં, વ્રત અને પ્રતિક્રમણ કરતા હોય છે જ્યારે એક ઘરમાં સોમવારે સર્વ શ્રેષ્ઠ દિવસ સંવત્સરી મનાવતા હશે ત્યારે બાજુંના ઘરમાં મંગળવારનાં વ્રતનાં અત્તરવાણા કરતાં હશે અને જ્યારે મંગળવારવાળા સર્વ શ્રેષ્ઠ સંવત્સરી મનાવતા હશે ત્યારે સોમવારની સંવત્સરીવાળા મંગળવારે પારણા કરતા હશે. અને ત્યારે નાના બાળકો તેનાં મા-બાપને પૂછે કે આજે સંવત્સરીનો મોટો દિવસ છે, તો બાજુનાં જૈનો કેમ જમે છે? પ્રતિક્રમણ કેમ કરતાં નથી? ત્યારે મા-બાપ શું જવાબ આપે ? તેઓ જૈન નથી તેમ કહે? તેઓ ખોટા છે, તેમ કહે ? કે તેઓ પાપી છે અને પાપ કરે છે, તેમ કહે ? આવી મુંઝવણ શ્રાવક-શ્રાવિકાઓને નડવાની છે, શ્રી ધર્માચાર્યોને નડવાની નથી, અને નાના બાળકો સાંભળેલું માનતા નથી, પણ જોયેલું ગ્રહણ કરે છે. અને આ એક વખતની અસર આગળ જતાં અશ્રધ્ધામાં પરીણમે અને ભવિષ્યમાં ધર્મ અને સંવત્સરીમાંથી શ્રધ્ધા ગુમાવવાનું કારણ બને. અને ધર્મનાં આ વિવાદની અસર શ્રાવકોનાં વ્યવહારીક જીવનમાં પડે અને તેનાં કારણે પરસ્પર જીવો દુર્ભાવ કરે અથવા શ્રધ્ધા મુકીને ધર્મનાં નિંદક બને અને અનંત કર્મો બાંધવાનું કારણ બને. અને તેનું નિમિત્ત આ વર્ષની સંવત્સરી પર્વ ગણાય. **આવા વિવાદથી જેનાં નિમિત્તથી જીવ તરવાનો છે, તે નિમિત્તથી જીવ ડુબવાનું કારણ બને. તો આ બધાનો દોષ કોને લાગે ?** જૈનો એક મતિથી અને એક ગતિથી સંવત્સરી પર્વ મનાવી ન શકે તો આખા વર્ષમાં કરેલો ધર્મ શું પરીણામ આપે ?

**''ક્રિયાનું ફળ કે ક્રિયામાં સ્થાપેલી શ્રધ્ધાનું ફળ ?''
''દ્રવ્ય ફળ આપે કે તત્વ ફળ આપે ?''**

**''તિથિ સાધન કે સાધ્ય ?''
''કાર્યનું પરીણામ તિથિમાં કે ભાવમાં ?''**

વર્તમાનનાં સંજોગોનો વિચાર કરીને બંને પક્ષનાં શ્રીગચ્છાધિપતી અને શ્રી આચાર્ય ભગવંતો વિચારે અને સમાધાન કરીને સંવત્સરીપર્વનો એક દિવસ બનાવે તે આજનાં શ્રાવકો અને શ્રાવિકાઓનાં આત્મલક્ષનાં હિતમાં ગણાય. શ્રી તીર્થંકર પરમાત્માએ જૈન શ્રાવક-શ્રાવિકાઓ માટે ખાસ આપેલું તરવાનું સાધન સંવત્સરીપર્વને શ્રાવકોનું પર્વ, શ્રાવકો માટેનું પર્વ અને શ્રાવક-શ્રાવિકાઓને તરવાનું પર્વ બનાવવાનું અત્યારે શ્રી ધર્માચાર્યોનાં હાથમાં છે. શ્રાવકો તરશે તો તેનું ફળ શ્રી ધર્માચાર્યોનું ગણાશે. આમાં બંને પક્ષને એકમતિ સાધવામાં મુશ્કેલી નથી. આ એકતામાં કોઈ પક્ષ સાચો કે ખોટો પડવાનો નથી. આમાં કોઈ પક્ષની હાર કે જીત નથી. આમાં કોઈ પક્ષ નાનો કે મોટો બનવાનો નથી. આમાં કોઈ પક્ષે નાનપ કે મોટાઈ માનવાની નથી. આમાં આખા સંપ્રદાયની એકતા છે. અને આમાં આજનાં શ્રાવક-શ્રાવિકાઓનું હિત સમાયેલું છે. અને આજનાં આ વિવાદને નિર્વિવાદ બનાવીને શ્રી ધર્માચાર્યો શ્રાવક-શ્રાવિકાઓનાં ઋણમાંથી મુક્ત બને છે અને સંઘ ઉપર ઋણ ચડાવે છે. પર્વતિથિનાં વિવાદને આમાં જોડવાની જરૂર નથી. જ્યાં મોટો સમુહ હોય ત્યાં થોડા મત-મતાંતર અને વિવાદ રહેવાનાં. આ ફક્ત શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા વરદાનને જાળવવાનું મુખ્ય કામ છે. ''સ્વનો આરાધક એજ સાચો સાધક'' બને અને કર્યું, કારવ્યું અને અનુમોદનાં એજ શ્રી તીર્થંકર પરમાત્માની આરાધનાં-ભક્તિ ગણાય અને તેજ પરીણામ દાતા બને. અને સંવત્સરીનાં સર્વ શ્રેષ્ઠ દિવસે શ્રી તીર્થંકર પરમાત્મા તરફથી જ્ઞાનબળ, યોગબળ અને વચનબળનું તત્વ સ્વરૂપે મળેલું અણમોલ, અમુલ્ય, અલભ્ય, વિસ્મરણ ન થાય તેવું વરદાન સ્વરૂપનું સંવત્સરી પર્વનું જીવની જેમ જતન કરીને એક દિવસનું સંવત્સરીપર્વ આખા વર્ષનું પર્વ બને તેવા ભાવ ભાવીને શ્રી તીર્થંકર પરમાત્માએ પરમ પરમ નિષ્કારણ કરેલો ઉપકાર સ્વિકારીને જીવન હિંસકભાવ રહીતનું બને અને જીવ માત્ર પ્રત્યે દ્વેષભાવ રહે જ નહીં, તેવી ભાવના ભાવીને શ્રી તીર્થંકર પરમાત્મા પાસે નમ્રતા સહીત, યાચકભાવે પ્રાર્થના કરીએ તો શ્રી પરમાત્માની કૃપા, શાસનદેવીની સહાયતા અને સમકીતી દેવ-દેવીઓની સંજોગ અનુકુળતાની મદદ અવશ્ય નિસંદેહ પ્રાપ્ત થાય છે. અને તેથી સંસારમાં રહેલો સંસારી જીવ મોક્ષમાર્ગનો સાચો આરાધક જીવ બને છે. જૈનો સંવત્સરીને આખા વર્ષનો સર્વ શ્રેષ્ઠ દિવસ તો ભાવથી, કાર્યથી અને શ્રધ્ધાથી માને જ છે. તેમાં ભાવોલ્લાસ ભળે તે માટે ફરી ફરીને બંને પક્ષનાં શ્રી ધર્માચાર્યોને નમ્ર વિનંતી કે થોડા દિવસ બાકી છે તો સંવત્સરી એક દિવસની કરી આપે અને શ્રાવકોનાં ભવમુક્તિમાં નિમિત્ત કારણ બને.

**આદર એજ આરાધનાં
''અને''
વિવાદ એજ વિરાધનાં.**

શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન તરફથી મળેલું અણમોલ વરદાન એવું શ્રી સંવત્સરી પર્વ આવું અમુલ્ય તત્વનાં મર્મને જીવો ધારણ કરે તો તત્વનાં ફળ સ્વરૂપે શ્રાવક-શ્રાવિકાઓનો આ ભવ સુધરે, ભાવી અલ્પ ભવોમાં મોક્ષ પામવાનો અધિકારી બને અને આજનાં વર્તમાન સંજોગોમાં સંપ્રદાયની એકતા ઢીલી પડી છે તે અખંડ એકતા બનવાનું કારણ બને, તેની વિચારણા કરીએ.

અનંત ભવ ભ્રમણ ફરવાનું કારણ અનંતા અનંત બાંધેલા ભોગવવા પડે અને ન ભોગવવા પડે તેવાં કર્મો, આવા કર્મો બાંધવાનું કારણ રાગ-દ્વેષ અને અજ્ઞાન.

**રાગ :-** એ આત્માનાં ગુણનું (કરૂણાનું) વિ-ચલ સ્વરૂપ, અને તે જીવ સમયે સમયે બુધ્ધિની સ્થિતી અનુસાર બદલે છે. જેમ કે માનબુધ્ધિ, સુખબુધ્ધિ, સ્વાર્થબુધ્ધિ, વિપર્યાસ બુધ્ધિ અને નિર્મળ બુધ્ધિ. આવી અનેક પ્રકારની બુધ્ધિથી જીવ રાગનું સ્વરૂપ બદલતો બદલતો છેલ્લે નિર્મળ બુધ્ધિથી રાગનું રૂપાંતર દયા દ્રષ્ટિ અને તેમાંથી સકામ કરૂણા દ્રષ્ટિ અને તેમાંથી છેલ્લે નિષ્કામ કરૂણા દ્રષ્ટિ પ્રાપ્ત કરે છે. અને પૂર્ણતાએ નિષ્કામ કરૂણા દ્રષ્ટિ પૂર્ણ કરૂણામાં રૂપાંતર પામીને આત્માનાં ગુણ કરૂણામાં ભળીને કરૂણાનાં સાગરનું

# જૈન ધર્મમાં સંવત્સરી પર્વનું સ્થાન અને સંવત્સરી પર્વમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ

બિરૂદ પામે છે. આવી રીતે જીવ સંજોગ અનુસાર પુરૂષાર્થ કરતો કરતો વિ-ચલ રાગનું છેલ્લે અવિચલ કરુણાપણાંમાં રૂપાંતર કરે છે.

**અજ્ઞાન :-** જીવે ધર્મ કરતાં પહેલા અજ્ઞાન ટાળવું જોઈએ. ધર્મ સબંધી મોક્ષમાર્ગની જાણકારી મેળવવા સ્વરૂપે જ્ઞાનનાં જાણકાર પાસેથી અથવા જ્ઞાની પાસેથી મોક્ષમાર્ગ શું છે તે જાણવો જોઈએ. જેથી જીવ ચાર ગતિનાં ભ્રમણનાં કારણો પ્રાપ્ત ન કરે અને સાથે અજ્ઞાનતાથી કે અજાણતાંથી ધર્મ અને જ્ઞાનની વિરાધનાં ન થાય. (જીવને અનંત ભવભ્રમણમાં સાચા જ્ઞાનની પ્રાપ્તી ન થવાનું મુખ્ય કારણ જ્ઞાનની વિરાધનાં ગણાય). સત્યની ઝુરણા જાગે.

**દ્વેષ :** અનંત ભવભ્રમણમાં જીવને સૌથી વધારે દુઃખો પ્રાપ્ત થવાનું જો કોઈ મુખ્ય કારણ હોય તો તેનું નામ દ્વેષ. સાદા કર્મોને ભોગવવા પડે અને ભોગવતા ભોગવતા જીવ અત્યંત દુઃખીપણું પામે અને તે ભોગવતા કર્મોમાં પાછો અનંતા નવા કર્મો બાંધે તે બાંધવાનું કારણ દ્વેષ. તે કર્મો છુટી શકે તેવા હોય છતાં તે કર્મો ગાઢ બનવાનું કારણ દ્વેષ. ધર્મભાવ અને ધર્મધ્યાનથી જીવને દુર કરનાર મુખ્ય આર્તધ્યાન અને રૌદ્રધ્યાન, અને તે થવાનું મુખ્ય કારણ દ્વેષ. જીવને સતત અજંપો, અનિંદ્રા, ભયભીતપણું, અસલામતી, ભુખનું દુઃખ, અધર્મભાવ, ધર્મનું અને શ્રી તીર્થંકર પરમાત્માનું વિસ્મરણ વિગેરે દુઃખો અને દોષો પ્રગટવાનું કારણ દ્વેષ. આવા અનેક પ્રકારનાં દુઃખો જીવ આ ભવમાં અને ભાવી ભવોમાં ભોગવે છે તેનું કારણ દ્વેષ અને દ્વેષ સુધી પહોંચવાના કારણો, જીવ પહેલા સદ્ભાવમાં હોય છે, તેમાંથી અભાવ કરે છે, તેમાંથી દુર્ભાવ કરે છે, અને દુર્ભાવમાંથી પ્રગટ સ્વરૂપે દ્વેષ પ્રગટે છે.

**જીવ સ્વાર્થે કરીને રાગનું વિસ્મરણ કરે,**
**પણ**
**જીવ દ્વેષનું વિસ્મરણ કેવી રીતે કરે ?**
**જીવ યાદ રાખવા માટે મુખપાટ કરે તો યાદ રહે,**
**પણ**
**ભુલવા માટે જીવ શું કરે તો ભુલી શકે ?**

આવું છે દ્વેષનું સ્વરૂપ અને જીવ જ્યારે જ્યારે દ્વેષ કરે છે, ત્યાં જીવ પંચેન્દ્રિયની હિંસા બરાબર પંચેન્દ્રિયનો આત્મઘાત કરે છે. આવા દ્વેષને ટાળવા માટે પરમ ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માએ સંવત્સરી તત્વ આપીને ન ઉતરી શકે તેવો પરમ ઉપકાર કર્યો છે. ક્ષમા લેવામાં અને ક્ષમા આપવામાં જીવ સરળતાથી, સહજતાથી, આત્મગૌરવપૂર્વક દ્વેષમાંથી મુક્ત થાય છે. **અને આવા અનર્થકારી દોષ એવા દ્વેષને ટાળનાર એવા શ્રી સંવત્સરી પર્વને ત્રિકાળ વંદના.** પર્વોમાં પણ મહાપર્વ એવા નિર્વિવાદપણું પામનાર અને જૈનોનાં સર્વ સંપ્રદાયોનું સમાન તત્વનું પર્વ એવાં શ્રી સંવત્સરી પર્વને ભવોભવની અહોભાવથી ત્રિકાળ વંદના.

આપણે સંવત્સરીનો મહિમા જાણ્યો અને સંસારી શ્રાવકો અને શ્રાવિકાઓને સંસારમાં હોવાથી દ્વેષનાં કારણો અને બનાવો વારંવાર બનતાં હોય છે. અને તેનાં દોષમાંથી છુટવા માટે સંવત્સરી પર્વ ઉત્તમ સાધન ગણાય. અને એ અપેક્ષાએ સવંત્સરીપર્વની આરાધનાં એ શ્રાવક સમુદાયનો મુખ્ય ધર્મ ગણાય માટે સંવત્સરી પર્વ એ સંસારી જીવોનું પર્વ ગણીને આપણાં સંપ્રદાયનાં બંને પક્ષનાં શ્રી ધર્માચાર્યો મોટું મન કરીને શ્રાવક સમુદાય ઉપર કરૂણા દ્રષ્ટિ વરસાવીને અને સંવત્સરીપર્વનો (ચોથ કે પાંચમનો) વિચાર હવે પછી ૪૦ કે ૪૫ વર્ષે આવવાનો છે, માટે આ વખતે એક વખત પુરતો શ્રાવક સમુદાયનો (નાનો સમુદાય કે મોટા સમુદાયનો નહીં) વિચાર કરીને અને શ્રાવકોને વિરાધનાંથી બચાવવા શ્રાવકો ઉપર નિષ્કારણ કરુણાનો ધોધ વરસાવીને એક મતિ સાધે. અને એક તિથિ અને બે તિથિનાં શ્રાવક સમુદાયનાં સર્વ જીવો એક ગતિ તો ઈચ્છે જ છે, તો બંને પક્ષનાં શ્રી આચાર્ય ભગવંતો વિશાલ શ્રાવકોનાં આત્મકલ્યાણને લક્ષમાં લઈને એક મતિથી એક તિથિ આપે. **બંને પક્ષનાં શ્રાવક સમુદાયને એક તિથિ કદાચ ન મળે તો બે સંવત્સરીમાંથી એક સંવત્સરીને આરાધીને અને બીજી સંવત્સરી આપણાં જ સાધર્મિક ભાઈઓ અને બહેનો મનાવે છે, તે લક્ષમાં રાખીને સદ્ભાવ ધારણ કરીને અને અહોભાવથી તેમનાં સંવત્સરીપર્વનાં દિવસની વંદના કરવી. અને તે વંદનાની અનુમોદના અર્થે એ દિવસે વ્યવહાર અને વ્યાપાર ત્યાગીને નાનું વ્રત ધારણ કરીને સદ્ભાવનાં પ્રગટ કરવી. અને સંવત્સરીનાં મહાપર્વનાં દિવસે સંપ્રદાયની ઢીલી પડેલી એકતાને અખંડ એકતામાં લઈ જવાનાં બીજ રોપણ કરવાનો દ્રઢ સંકલ્પ કરવો એજ શ્રી તીર્થંકર પરમાત્માની આરાધનાં અને ભક્તિ ગણાય.**

**''અધર્મથી બચવું અને અધર્મ ન કરવો,**
**એજ ધર્મ છે, અને એજ મોક્ષનું કારણ છે''.**

અત્યારે સંપ્રદાયની એકતા ઢીલી પડી છે. આટઆટલાં વર્ષોનાં અનેક મતમતાંતર અને અનેક વિવાદો હોવા છતાં એકતાં તુટી નથી એજ સમાધાનનો માર્ગ ગણાય. એકતા ઢીલી પડવાનાં કારણોમાં કદાચ સંજોગો બળવાન કારણ હોય અને કંઈક અંશે જીવોની ભુલ કે અણસમજ થઈ હોય માટે એકતાં ઢીલી પડી હોય. છતાં અણસમજમાં પણ એક સાચી સમજણ તો રહેલી જ હતી કે એકતા થવી અને રહેવી જોઈએ. અત્યારે બંને પક્ષનાં શ્રાવક સમુદાય સદ્ભાવમાંથી નિકળીને અભાવમાં અને આગળ વધીને દુર્ભાવ સુધી પહોંચ્યા છે. અત્યારે સંજોગો એવા નિર્માણ થયા છે કે હવે શ્રાવક સમુદાય દ્વેષભાવમાં ન જાય અથવા અટકે તો સમભાવમાં રહે. હવે શ્રાવક સમુદાયએ એવા સંજોગ નિર્માણ કરવા જોઈએ કે સમભાવમાં અટકે અને આગળ જતાં પાછા સદ્ભાવમાં આવી જાય, નહીંતર દ્વેષભાવમાં આગળ જઈને ક્યાં અટકશે તેની ખબર જીવોને રહેશે નહીં (પરિસ્થિતી હદ બહારની થઈ જાય)

''એકતા અત્યારે અણસમજમાં ગઈ છે, ખંડિત નથી થઈ, અણસમજમાં સમજણનું બી પડેલું છે કે જેને કહેવાય હવે અણસમજ વધારવી નથી''.

સંપ્રદાયની એકતા ભવિષ્યમાં બળવાન બને તેવા સમાન સમાધાનકારી વર્તનથી વર્તવાનો સંવત્સરીનાં મહાપર્વનાં દિવસે સંકલ્પ કરવો અને એવી સમજણ કેળવવી કે અત્યારે જેટલાં વિવાદનાં કારણો છે, તેમાં નવા જેટલાં વિવાદનાં કારણો ભળે તેટલું સમાધાનનું કાર્ય દુર અને ઢીલું થાય.

બંને પક્ષોની સમાન વિચાર શ્રેણી :

૧. બંને પક્ષોને સંપ્રદાયની એકતા જોઈએ છે.
૨. બંને પક્ષોને એક ગતિ (મોક્ષ) જોઈએ છે.
૩. બંને પક્ષોને શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવી છે.
૪. બંને પક્ષોને શાસ્ત્રોને અનુસરવું છે. અને શાસ્ત્રોનાં સિધ્ધાંતો માન્ય છે.
૫. બંને પક્ષોને કર્મ રહિતની સ્થિતી પ્રાપ્ત કરવી છે અને વિરાધના કરવી નથી.
૬. બંને પક્ષોવાળાને દુર્ગતિમાં જવું નથી. આવી સમજણ બંને પક્ષવાળાનાં શ્રાવક સમુહની સમાન સમજણ છે.

આવી સમજણને જીવનમાં ઉતારીને જીવન જીવીએ તો શ્રાવકોનો આ ભવ સુધરે આવતો ભવ સુધરે અને સારી ગતિ અને મોક્ષગતિનું કારણ બને.

૧. વિવાદમાં નવું કારણ ભળે તેવા કોઈપણ પ્રકારનાં કાર્યો ન કરવા.
૨. નજીકનાં સમયનાં કરેલા ઠરાવો અને પ્રતિબંધો (શ્રી સાધુ ભગવંતોનો) દુર કરવા જોઈએ. (શ્રાવકોને મન બંને પક્ષનાં શ્રી સાધુ ભગવંતો પરમ ઉપકારી અને વંદનીય છે). જગતની સર્વ ધર્મોની સાધુ સંસ્થામાં સર્વ શ્રેષ્ઠ સાધુ સંસ્થા જૈન સંપ્રદાયની ગણાય અને જગત માને છે.
૩. શ્રી સાધુ ભગવંતોનું પૂજન એ બાળજીવોની શ્રધ્ધા અને ભક્તિનું પ્રગટ લક્ષણ તેનું બીજું નામ પૂજન.

**''શ્રધ્ધા અને ભક્તિ હોય તો પૂજન સહજ છે.**
**''પણ''**
**પૂજન કરવાથી જીવોમાં શ્રધ્ધા કે ભક્તિ ન ઉગે''.**

માટે પૂજનનો મહિમા જળવાય અને વ્યવહારથી કોઈપણ જીવોને દુર્ભાવ ન થાય તેવી સમજણ અને ભક્તિ ભાવથી પૂજન કરાય. જેમ પૂજન બળવાન ફળદાતા બને તેવી રીતે બીજા જીવોને જો દુર્ભાવ થાય તો તે દુર્ભાવમાં પણ પૂજન નિમિત્ત કારણ ગણાય. (નબળું ફળ).

૪. કોર્ટ કચેરી :- માં જો જૈનો સંસારીક અર્થે પણ જાય તો અનંત અનંત એવા કર્મોનાં બંધ પડે ત્યાં જો કોઈપણ જીવો ધર્મ અર્થે પણ કોર્ટમાં જાય તો તેણે શાસ્ત્રોનો જ ઘાત કર્યો ગણાય. જૈન ધર્મનાં શાસ્ત્રોનાં પાને પાને સમાધાન આપ્યું (કહ્યું) છે. અનેકાંતવાદનો અર્થ સમાધાન, સાધ્યવાણીનો અર્થ સમાધાન, સમદ્રષ્ટિનો અર્થ સમાધાન, સરળતા, સહનશીલતા, સમભાવ, સમવ્યવહાર. દરેકનો અર્થ સમાધાન. ન્યાયનો અર્થ અધિકાર, મારાપણું, સામેવાળો ખોટો, હું સાચો, ન્યાયનો અર્થ પોતાનાં સુખ, માન, સ્વાર્થ અર્થે સામેવાળાને દુઃખી કરવા અને બંને પક્ષો સામસામાને દુઃખી કરીને હરખાય અને પરપિડનનો આનંદ માણે. અને કોર્ટમાં જવાવાળો જીવ, વારંવાર સામેવાળા જીવનો આત્મઘાત કરે, આત્મસન્માન હણે, આત્માને દુઃખી દુઃખી કરે, અને સામેવાળા જીવનો અનંતવાર દેહની પિડા, ઉંઘ હરામ કરાવવી, અને જો દેહને હાની થાય તો કોર્ટમાં જવાવાળાનાં કેવા કર્મબંધ પડે ? અને જ્યાં ક્ષમા લેવા અને આપવાની છે, ત્યાં વર્ષો સુધી કેસો ચાલે ત્યારે કેવા પ્રકારનાં નિકાચિત કર્મોનો બંધ પડે અને તે ભોગવતા જીવની શી વલે થાય ? તે તો ભોગવનાર જ જાણે. જ્યાં એક પંચેન્દ્રિયની હિંસાને મહાપાપ ગણ્યું છે, ત્યારે અહિંયા તો અનંતીવાર આત્મઘાત અને દેહને હાની થાય તો કેવા મહાપાપોનો બંધ પડે તેનો વિચાર કોર્ટમાં જવાવાળા જીવોએ વિચારવું જોઈએ. અને તેની સામે તે શું મેળવવાનો છે. તેનો વિચાર કરે. **જૈન ધર્મમાં ન્યાય હોય જ નહીં. હોય તો સમાધાન, નહીંતર જતું કરો. ત્યાગભાવના જૈનોની મહાસિધ્ધી ગણાય છે.** એકતામાં મોટી અડચણ કોર્ટ કચેરીનો વિલંબ ગણાય. માટે કોર્ટ કચેરીમાંથી બધા કેસો પાછા ખેંચી લેવા જોઈએ અને અત્યારે સુધીનાં કરેલાં દ્વેષ-દુર્ભાવ, પરપિડન વિગેરે પ્રકારનાં પાપોનાં પાયશ્ચિત સ્વરૂપે આ વખતની સંવત્સરીને અને શ્રી તીર્થંકર પરમાત્માનાં શાસ્ત્રોને માથે રાખીને પાપોમાંથી મુક્ત થવું જોઈએ એજ સંવત્સરીનો સાર અને એકતાનો પાયો ગણાય. અને ન્યાયનાં નામે આત્માની મુઢતાં કાઢીને આત્માના ઉપયોગમાં આવવું એજ આત્માનું પ્રાયશ્ચિત બને. ભૌતિક જગતમાં જેની જીત તેની ધર્મમાં હાર ગણાય અને જગતમાં હાર તેની ધર્મમાં જીત ગણાય. **જગત સામે વિજયમાળા પહેરી હોય તો પણ ધર્મમાં અને કર્મમાં તો તે જીવે હારની, હારનો, હાર પહેર્યો ગણાય.**

૫. બાળજીવો ધર્મ (તત્વ) ધારણ ક્યારે કરી શકે ? દેશ-કાળનાં આધારે જેવા સંજોગો હોય છે, તેવાં સંજોગો અનુસાર દ્રવ્ય બાળજીવો અપનાવે છે. અને તે દ્રવ્યોમાં ધર્મ તત્વોનું સ્થાપન કરાવીને કેવી રીતથી ઉપયોગમાં વર્તવું તે કરાવવાનું કાર્ય શ્રી ધર્માચાર્યોનું ગણાય. માટે વ્યવહારથી એમ કહેવાય કે શ્રી ધર્માચાર્યો એ શાસ્ત્રોનાં સાર સ્વરૂપ જીવંત તત્વો ગણાય. અને ધર્માચાર્યો એ તત્વોનાં બળવાન આગ્રહી બનવાનું હોય છે અને શ્રાવક સમુદાય જે દ્રવ્યો બતાવે તેમાં તત્વોનું સ્થાપન શ્રી ધર્માચાર્યોએ કરવાનું હોય છે. અને ધર્માચાર્યો દ્રવ્યોનું ઉથાપન કરે તો બાળજીવો આત્મતત્વ પામી શકે નહીં અને જો શ્રી ધર્માચાર્યો તત્વને ભુલીને દ્રવ્યનાં આગ્રહી બને તો તેમને શાસ્ત્રોનાં સાર સ્વરૂપ જીવંત તત્વો કેવી રીતે કહેવાય. શાસ્ત્રનાં તત્વો કાયમ છે. પણ તત્વો જેમાં સ્થાપન કરીએ તે દ્રવ્યો તો સમયે સમયે બદલાય છે. શ્રી ધર્માચાર્યો દ્રવ્યનાં આગ્રહી બને તો વિવાદ થાય અને જો તત્વનાં આગ્રહી બને તો વિવાદો ઊભા ન થાય અને થયેલાં હોય તો પણ શાંત થાય. પૂર્વમાં જ્ઞાની પુરૂષોને તત્વ છોડવાનું આવ્યું ત્યારે શ્રેત્ર છોડ્યું પણ તત્વ ન છોડ્યું. તત્વ એ તો ધર્મનો પ્રાણ છે, તત્વ એજ ધર્મ છે. અને આજે પણ ધર્મ અડીખમ ઊભો હોય તો તેનું કારણ તત્વોનું બળ છે.

૬. પર્વ તિથિઓ શ્રી ધર્માચાર્યો નક્કી કરે આપસમાં બેસીને તે શ્રાવકો એ સ્વિકારવી તેમાં બહુ ન પડવું, જ્ઞાનીની ગત જ્ઞાની જાણે. સમજીને ટુંકમાં નવા વિવાદનાં કારણોને ન ઉમેરવાં એજ સમાધાનની નજીક જવાનો શ્રેષ્ઠ રસ્તો અને સદ્ભાવનાં કેળવવી એ સમાધાનનું કારણ. **શ્રી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ આપણાં સંપ્રદાયની એકતા નજીકનાં ભવિષ્યમાં બળવાન બનીને બહાર આવે.**

ધર્મોપાસક - રમેશ વૈનાણી

**નોંધ :** આ આખા લેખમાં ક્યાંય શબ્દ કે કાના-માતરની છાપકામમાં ભુલ આવી હોય તો આપણાં શ્રાવક સમુહે તે ભુલને લક્ષમાં લીધા વગર લેખ કે ફકરાનો મર્મ લક્ષમાં લેવો.

# જૈન ધર્મમાં સંવત્સરી પર્વનું સ્થાન અને સંવત્સરી પર્વમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ

## ■ ધર્મ એટલે શું ? ■

**અધર્મ ન કરવો, અધર્મથી બચવું અને અધર્મથી છુટવું.**
**અને**
**આત્મતત્વને જાણવું, આત્મતત્વને માનવું,**
**અને આત્મતત્વને લક્ષમાં રાખીને જીવન જીવવું તેનું નામ ધર્મ.**

બાળજીવોએ અનંત ભવ ભ્રમણમાં ફરતાં ફરતાં જ્યારે ઘણાં અંશે કષાયોની મંદતા કરી હોય અને મોક્ષમાર્ગનાં (આત્માનાં) ગુણોની સમજણ કેળવી હોય અને ઘણાં અંશે પાપ-પુણ્યનું સમતોલપણું અથવા પુણ્યનું પલ્લું ભારે હોય ત્યારે બાળજીવને મોક્ષમાર્ગની સૌથી નજીક હોય તેવો મોક્ષમાર્ગી સંપ્રદાય અને ધર્મ પ્રાપ્ત થાય છે અને તેને અનુરૂપ કુળ પ્રાપ્ત થાય છે. (મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાની સરળતા અને માર્ગમાં ચાલવાની સંજોગ અનુકુળતા). એવો ધર્મ કોને કહેવાય ? જે ધર્મનાં શાસ્ત્રોમાં જગતનું પૂર્ણ જ્ઞાન રહેલું હોય, અને જે જ્ઞાન બુધ્ધિગમ્ય, અને અનુભવગમ્ય હોય, બાળજીવોને પહેલાં બુધ્ધિમાં સમજાવું જોઈએ અને પછી સમજણપૂર્વક પુરૂષાર્થ કરવાથી અનુભવમાં આવવું જોઈએ અને અનુભવમાં આવ્યાં પછી જીવ કેવી સ્થિતીમાં છે, તેનું કસોટીજ્ઞાન જીવને થવું જોઈએ. (૧૪ ગુણસ્થાનક થકી). આવો મોક્ષમાર્ગી ધર્મને સર્વ શ્રેષ્ઠ ધર્મ કહેવાય. અને જગતમાં આવો કોઈપણ ધર્મ જો હોય તો તે જૈન ધર્મ છે, માટે જગતનાં સર્વ મોક્ષમાર્ગી ધર્મોએ જૈન ધર્મને સર્વ શ્રેષ્ઠ ધર્મ કહ્યો છે. આવો સર્વ શ્રેષ્ઠ ધર્મ આપવાનું અને સ્થાપવાનું જેણે કાર્ય કર્યું તેને આપણે વિતરાગી, સર્વજ્ઞ, ત્રિલોકનાં નાથ, જગતનાં તારણહાર, કરુણાનાં સાગર એવા શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન કહીએ છીએ. આવા પરમ પુરૂષ એવા આધ્યાત્મિક જગતનાં સર્વ શ્રેષ્ઠ મહાપુરૂષે સંસારમાં ત્રિવિધ તાપમાં બળતાં બાળજીવો મોક્ષમાર્ગમાં આવી શકે અને આવીને સરળતાથી આરાધી શકે તે માટે સંઘ વ્યવસ્થા સ્થપાવી અને તે સંઘ વ્યવસ્થામાં જે બાળજીવોને સંસારની જવાબદારી આવી નથી અને સંપૂર્ણ સ્વાવલંબી અને સ્વતંત્ર હોય અને માર્ગમાં સાધનાં ઉગ્રતાપૂર્વક કરવાં માંગતા હોય તેમને માટે સાધુ સંસ્થા સ્થાપી અને જે બાળજીવો સંસારીક જવાબદારીમાં હોય અથવા અજ્ઞાનતાથી સંસાર માંડ્યો હોય તેમને માટે અલગ સાધનાનો ધર્મ આપીને શ્રાવક-શ્રાવિકા આચાર આપીને અલગ સંસ્થા સ્થાપી. માટે વ્યવહારમાં બે સંસ્થા કહેવાય. (૧) સાધુ સંસ્થા અને (૨) સંસારી એવી સંઘ વ્યવસ્થા. અને બંનેને એકબીજાના પૂરક બનાવીને એક-બીજાનાં અનિવાર્ય અંગ બનાવ્યા. હવે આ સંસ્થામાં આવેલા સાધુ અને સંસારી સંઘમાં જન્મેલાને જૈન કહેવાય છે.

સંસારમાં સંસારી અવસ્થામાં એવા ગુણોનો અને એવા ત્યાગનો આદર થાય છે કે જે ગુણો મોક્ષમાં જવાનાં ગુણો હોય. જૈન કુળમાં જન્મેલા બાળજીવો વ્યવહાર સાચવીને સરળતાથી આ ગુણો પ્રગટાવી શકે છે. માટે જગતનાં સર્વ કુળોમાં સર્વ શ્રેષ્ઠ કુળ જૈન કુળ કહેવાય છે. અને જગતની સાધુ સંસ્થાઓમાં સર્વ શ્રેષ્ઠ સાધુ સંસ્થા, જૈન સાધુ સંસ્થા કહેવાય છે. હવે સાધુ સંસ્થામાં ગયેલા જીવો તો પોતાનાં આત્માનાં કલ્યાણ અર્થે સંસાર ત્યાગીને સર્વસંગપરિત્યાગી બન્યાં. તેમણે તો નગરમાં આવવાની જરૂર જ ન હતી. પણ જો શ્રી સાધુ ભગવંતો નગરમાં ન આવે તો શ્રાવક-શ્રાવિકાઓને શ્રી તીર્થંકર પરમાત્માનો આત્મધર્મ (મોક્ષધર્મ) મળે ક્યાથી ? માટે ભાવીમાં સાધુ ભગવંતો જંગલ છોડીને શ્રાવક-શ્રાવિકાઓ ધર્મ પામે અને આત્માનું કલ્યાણ સાધે અને સાથે સાથે શ્રી તીર્થંકર પરમાત્માનાં આપેલા તત્વો જગત જાણે અને પામે. તેથી આપણે શ્રી સાધુ ભગવંતોનો ઉપકાર ગણીએ છીએ કે તેઓ આપણાં માટે નગરોમાં આવ્યાં. અને તે ઉપકારનાં ફળ સ્વરૂપ આપણે શ્રી સાધુ ભગવંતોની આહાર વિહાર અને નિવાસની પૂર્ણ સગવડતાં સાચવીને તેમને માર્ગમાં સાધનાં કરી શકે તેનું પૂર્ણ ધ્યાન આપવું તે શ્રાવક-શ્રાવિકાઓનો ધર્મ કર્તવ્ય ગણાય અને શ્રી સાધુ ભગવંતોએ શ્રાવક સંઘને શ્રી પરમાત્માએ આપેલાં તત્વો ધારણ કરાવીને મોક્ષમાર્ગી બનાવવા તે શ્રી સાધુ ભગવંતોનો ધર્મ ગણાય અને જૈન ધર્મની સાધુ સંસ્થા તો જૈન ધર્મનો આધાર સ્થંભ છે. માટે જૈન ધર્મમાં શ્રી સાધુ ભગવંતો ઉપર મોટી જવાબદારી ગણાય. પ્રથમ અને મુખ્ય પોતાનાં સ્વનું કલ્યાણ સાધવું, બીજું શ્રાવક-શ્રાવિકાઓને આત્મધર્મ આપીને ભાવી મોક્ષગામી બનાવવાં, ત્રીજું સાધુ સંસ્થાને જીવંત રાખવાં શ્રાવક સંઘમાં બાળજીવોને યોગ્ય બનાવીને ત્યાગી બનાવવાં અને ચોથું શ્રી પરમાત્માએ રચાવેલા શાસ્ત્રો અને પૂર્વનાં જ્ઞાની પુરૂષોનાં ગ્રંથોને જાળવવાનું કાર્ય કરવાનું હોય છે. (શાસ્ત્રો અને ગ્રંથો તો ધર્મનો આધાર છે) આવી મોટી જવાબદારીવાળા કાર્યો શ્રી સાધુ ભગવંતોએ કરવાનાં હોય છે. ત્યારે શ્રી સાધુ ભગવંતો શ્રાવક સંઘનું કેટલું ધ્યાન રાખી શકે માટે ત્યાં સંઘ વ્યવસ્થા સ્થપાણી. જેમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાનો સંઘ બન્યો. શ્રી સાધુ ભગવંતો તો આત્માનાં કલ્યાણનાં માર્ગે છે, માટે તેમની પાસે તો આત્મતત્વનું બળ મોટું અને આત્મતત્વનો આગ્રહ પણ બળવાન હોય તે સ્વિકારવું જ રહ્યું. તેની સામે સંસારી જીવો કાળ અને ક્ષેત્રનાં યોગ અને નિમિત્તનાં સંજોગથી બંધાયેલા છે, માટે બાળજીવો સંજોગ અનુસાર દ્રવ્ય ધારણ કરી શકે, પ્રતિકુળતામાં દ્રવ્ય અને તત્વ કશું ધારણ કરી શકે નહીં, માટે વ્યવહારથી એમ કહેવાય કે સંસારી બાળજીવો સંજોગની અનુકુળતાએ શ્રધ્ધા અને ધર્મ ધારણ કરી શકે ''પણ જો'' સંજોગો પ્રતિકુળ હોય તો બાળજીવોની શ્રધ્ધા તુટે અને ધર્મને પણ ભુલી જાય માટે શ્રાવક-શ્રાવિકાઓને દ્રવ્યનો આગ્રહ હોય અને સમુહનું યોગબળ મળે તો જીવો સરળતાથી અને સહજતાથી આત્મધર્મ જાણી શકે, કરી શકે અને આત્મધર્મ પામી શકે. આ અવસ્થાને સ્વિકારીને પૂર્વનાં જ્ઞાની મહાપુરૂષો શ્રાવકસંઘને પૂછીને ધર્મ આપતાં અને તે ધર્મમાં આત્મધર્મનું સ્થાપન શ્રી ધર્માચાર્યો કરાવીને જ ધર્મ કરાવતાં. આવી રીતે દેશ-કાળને અનુકુળ અને અનુરૂપ ધર્મ શ્રી ધર્માચાર્યો આપતાં અને તે માટે તેમાં શ્રાવકોને સર્વોપરી ગણતાં અને શ્રાવકોની ઉપરવટ ક્યારેય જતાં નહીં. અગર જાય તો શ્રાવકો ધર્મ ગુમાવી દે, માટે શ્રાવક સંઘ તરફ અમીદ્રષ્ટિ અને કરૂણા દ્રષ્ટિ રાખીને વિચારતાં કે આવો અમૂલ્ય યોગ શ્રાવકોને મળ્યો છે તો શ્રાવકો ધર્મવિમુખ ન થાય અને આત્મ કલ્યાણ ચૂકીને ભવભ્રમણમાં ભટકે નહીં. આવા શુધ્ધ આશયથી દ્રવ્ય શ્રાવકો નક્કી કરે અને તેમાં આત્મલક્ષીપણું શ્રી સાધુ ભગવંતો સ્થાપીને સાધનાની રીત આપતાં. આવી રીતે સાધનાનાં માર્ગનાં પ્રખર સાધકો એવા શ્રી સાધુ ભગવંતોમાં આત્મધર્મ રહે અને આત્મધર્મ આપી શકે એ પ્રકારે શ્રી સાધુ ભગવંતોને ટકાવવાનું પ્રમુખ કર્તવ્ય શ્રી શ્રાવકસંઘનું અને શ્રાવકોનાં ભવ ટુંકાવવાનું કર્તવ્ય શ્રી સાધુ ભગવંતોનું . માટે જૈન સંપ્રદાયમાં ૨૫માં ભગવાન શ્રી સંઘને કહેવામાં આવે છે. તે યથાર્થ છે. આવા પ્રકારની સંઘ રચના અને સંઘ વ્યવસ્થા આવા આશયથી થયેલ હશે તેવું લગભગ આપણે માનીએ છીએ. તે સર્વ શ્રેષ્ઠ વ્યવસ્થા છે અને આવી વ્યવસ્થા જગતનાં સર્વો ધર્મોમાં ફક્ત જૈન ધર્મમાં છે. માટે એમ કહેવાય કે,

૧) જગતમાં સર્વ શ્રેષ્ઠ ઈષ્ટદેવ શ્રી તીર્થંકર પરમાત્મા છે. કારણ કે પરિપૂર્ણ ત્યાગ અને વૈરાગ્ય ધારણ કરીને કેવળજ્ઞાનને પામેલાં છે.
૨) જગતમાં સર્વ ધર્મોમાં ફક્ત જૈન ધર્મ સુક્ષ્મ અને પૂર્ણ જ્ઞાન સહિતનો છે, માટે જૈન ધર્મ શ્રેષ્ઠ કહેવાય.
૩) જગતમાં સર્વ શ્રેષ્ઠ સાધુ સંસ્થા જૈનોની છે, કારણકે આરંભ અને પરિગ્રહને ત્યાગીને પૂર્ણ ત્યાગને વરેલા હોવાથી.
૪) જગતમાં શ્રેષ્ઠ કુળ જૈન કુળ કહેવાય છે કારણકે મોક્ષમાર્ગનાં ગુણોનો જૈન કુળનાં વ્યવહારમાં પણ માન્ય છે અને મોક્ષમાર્ગનાં રોધક દોષોનો જૈનકુળનાં વ્યવહારમાં પણ નિષેધ છે.
૫) જગતમાં સર્વ ધર્મની સંઘ વ્યવસ્થામાં ફક્ત જૈન ધર્મનાં જ સંઘ વ્યવસ્થામાં શ્રાવક-શ્રાવિકાઓને ધર્મસંઘમાં સ્થાન આપ્યું છે માટે જૈન ધર્મની સંઘ વ્યવસ્થા સર્વ શ્રેષ્ઠ સંઘ વ્યવસ્થા કહેવાય.

જે બાળજીવોને આવા જગતનાં શ્રેષ્ઠ ઈષ્ટદેવ તરીકે શ્રી તીર્થંકર પરમાત્મા મળ્યા, શ્રેષ્ઠ ધર્મ મળ્યો, શ્રેષ્ઠ શ્રી સાધુ ભગવંતો મળ્યા, શ્રેષ્ઠ સંઘ વ્યવસ્થા મળી અને શ્રેષ્ઠ કુળ મળ્યું. એવા બાળજીવો બળવાન ભાગ્યશાળી છે. આવા બાળજીવોને મોક્ષમાર્ગમાં આવવા માટે, આવ્યા પછી ચાલવા માટે, અને ચાલ્યા પછી મોક્ષ મેળવવા માટે અલ્પ પુરૂષાર્થ કરવાની જરૂર છે, એવા સંજોગો બાળજીવોને મળેલા છે. અહિંયા બાળજીવે ફક્ત દ્રષ્ટિ બદલાવવાની જરૂર છે. દ્રષ્ટિ બદલાવે તો મુક્તિ માગવી ન પડે, પણ સામેથી મળે. આવું શ્રાવક-શ્રાવિકાઓને મળેલું શ્રેષ્ઠ સંજોગો સહિતનું કુળ-ભવ નિષ્ફળ ન જાય તેનું ધ્યાન શ્રી સાધુ ભગવંતો અને સંપ્રદાયનાં આગળ પડતા શ્રેષ્ઠીઓ અને ટ્રસ્ટીઓ રાખે.

## ■ જૈન ધર્મમાં શાસ્ત્ર સંમત ધર્મસંઘ વ્યવહાર ■

૧. જૈન સંપ્રદાયમાં શ્રી સાધુ ભગવંતો શ્રી પરમાત્માએ આપેલાં આત્મ તત્વો એકમતિથી દેશ-કાળનાં સંજોગાનુસાર દ્રવ્ય ધારણ કરાવીને શ્રાવક સમુદાયને આપે અને શ્રાવક સમુદાય એકમતિથી શ્રી ધર્માચાર્યોની આજ્ઞા સ્વીકારીને ધર્મ આરાધનાં કરે એ સંપ્રદાયનાં જીવોનું આત્મકલ્યાણનું બળવાન કારણ ગણાય અને જગતમાં ધર્મ આદર પામે અને ધર્મનો પ્રચાર અને પ્રસાર થાય. આ વ્યવસ્થા આત્મકલ્યાણની શ્રેષ્ઠ સ્થિતી (અવસ્થા) કહેવાય.
૨. જૈન સંપ્રદાયમાં શ્રી સાધુ ભગવંતો શ્રી પરમાત્માએ અપેલાં આત્મ તત્વો એકમતિથી આપે ''પણ જો'' શ્રાવક સમુદાય દેશ-કાળનાં સંજોગો અનુસાર દ્રવ્ય (સાધન અને રીત) ધારણ કરી શકે તેમ ન હોય તો શ્રાવક સમુદાય એકમતિથી શ્રી ધર્માચાર્યોને નમ્ર વિનંતી કરીને દ્રવ્યનો ફેરફાર માંગે તો શ્રી ધર્માચાર્યોએ દ્રવ્યનો ફેરફાર સ્વિકારીને શ્રાવક સમુદાય જે પ્રકારનાં સાધન અને રીત જણાવે તે પ્રકારમાં આત્મલક્ષનું સ્થાપન કરાવીને શ્રી ધર્માચાર્યોએ ધર્મ આરાધનાં કરાવવી જોઈએ.
૩. જૈન સંપ્રદાયમાં શ્રી સાધુ ભગવંતો શ્રી પરમાત્માએ આપેલાં આત્મતત્વો એકમતિથી આપે, ''પણ જો'' શ્રાવક સમુદાયમાં મતમંતાતર (દ્રવ્ય સબંધી) વર્તતાં હોય તો શ્રી ધર્માચાર્યો દેશ-કાળનાં સંજોગોની જાણકારી મેળવીને અને દ્રવ્ય સબંધી (નિર્દોષ દ્રવ્ય કે સદોષ દ્રવ્યનો) ગુણધર્મો જાણીને શ્રાવક સમુદાયની સાથે ચર્ચા વિચારણાં કરીને (શાસ્ત્રનાં આધારની જરૂર નથી. દ્રવ્ય સબંધી વિચારણા હોવાથી અને શ્રાવકો શાસ્ત્રોથી અજ્ઞાન છે માટે) શ્રાવક સંઘમાં સ્નેહ અને સંપથી સમાધાન કરાવીને એકમતિથી શ્રાવક સમુહ ધર્મ આરાધનાં કરે તેવું વાતાવરણ નિર્માણ કરે.
૪. જૈન સંપ્રદાયમાં શ્રી સાધુ ભગવંતો શ્રી પરમાત્માએ આપેલાં આત્મતત્વો એકમતિથી આપે ''પણ જો'' શ્રાવક સમુહ (દ્રવ્ય) સબંધી આગ્રહ અને દુરાગ્રહ રાખીને એકમતિથી કોઈપણ સંજોગોમાં સ્વીકારે નહીં અને વિવાદમાં જ રહે તો શ્રી ધર્માચાર્યોએ વિવાદમાં પડ્યાં વગર સ્વકલ્યાણની સાધનામાં રત રહેવું (શ્રાવકો પોતાનાં હાથે ડુબવાં માંગતા હોય તો તેને કોણ બચાવે ?)
૫. જૈન સંપ્રદાયમાં શ્રી સાધુ ભગવંતો શ્રી પરમાત્માનાં આપેલા આત્મતત્વોમાં એકમતિ હોય અને શ્રી ધર્માચાર્યો દેશ-કાળ અનુસાર જે (દ્રવ્ય) સાધન અને રીત આપે તે રીતને શ્રાવક સમુહ આજ્ઞાને અત્યંત ઉલ્લાસભાવથી ધારણ કરીને આત્મધર્મની આરાધનાં કરે એવી તૈયારી હોય.

''છતાં''

શ્રી ધર્માચાર્યો દ્રવ્યનાં (દિવસ)નાં વિવાદમાં જાય અને દિવસ સબંધી એકમતિ ધારણ ન કરે ત્યારે તત્વોનું જે દ્રવ્ય નિમિત્તનાં વિવાદથી વિસ્મરણ થાય અને તે તત્વનાં મર્મથી (ક્ષમા લેવી - ક્ષમા આપવી) વિરુધ્ધનું વર્તન જે કરે, કરાવે અને

# જૈન ધર્મમાં સંવત્સરી પર્વનું સ્થાન અને સંવત્સરી પર્વમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ

તેની અનુમોદના કરે તો તેનો દોષ કોને લાગે ? (શ્રી તીર્થંકર પરમાત્માનાં આપેલા તત્વોની વિરાધનાં તે શ્રી તીર્થંકર પરમાત્માની વિરાધનાં ગણાય).

બંને પક્ષનાં શ્રી ધર્માચાર્યો એકમતિમાં આવે તો બંને પક્ષનાં શ્રાવક સમુહ નિર્વિવાદપણે એકમતિથી આરાધનાં કરવાં તૈયાર છે. (શ્રાવકોમાં અત્યારે શ્રી ધર્માચાર્યો પ્રત્યે આજ્ઞાંકિતપણાંનો ગુણ બળવાન છે માટે)

**''શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલાં તત્વોનું આરાધન એ મોક્ષનું કારણ ''અને'' શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલાં તત્વોનું હેતુપૂર્વક ભુલવું તે અનંત ભવભ્રમણમાં ફરવાનું કારણ ગણાય.''**

જીવે અનંત કર્મો બાંધવાનું અને અનંત ભવભ્રમણ ફરવાનું કારણ રાગ-દ્વેષ અને અજ્ઞાનનું મુખ્યપણું, અને રાગ-દ્વેષનું કારણ અજ્ઞાન, અને અજ્ઞાનમાં રહેવાનું કારણ શ્રી પરમાત્માએ આપેલાં તત્વોની વિરાધના, તત્વોની વિરાધનાંને કારણે નિર્મળબુધ્ધિનો ક્ષય અને બળવાન વિપર્યાસ બુધ્ધિ થવી, સત્યની ઝુરણાંમાં ગુણ ઉપર આવરણ, તેનાં કારણે જીવમાં બળવાન જડતાં, મુઢતાં, જક્કીપણું વિગેરે અવગુણોનાં દોષોનું બળવાનપણું થવું અને બીજા અનેક દોષો જીવમાં આવવા અને એ દોષોનાં કારણે જીવને અનંતા ભવો સુધી શ્રી પરમાત્માનો યોગ અને જ્ઞાન-જ્ઞાનીનો યોગ ટળે તેવાં સંજોગ અને સમજણ મળે. શ્રી પરમાત્માનો અને જ્ઞાન અને જ્ઞાનીનો યોગ જીવને ન મળે ત્યારે જીવ અનંત અનંત દુઃખો ભોગવે છે, એક સમય પણ શાંતિ, આનંદ અને વિરામ પામતો નથી. જ્ઞાનની વિરાધનાંનો દોષ ભવભવાંતર સુધી સાથે રહે છે. (પાપ-પુણ્યનાં કર્મો એક જ વખત ફળ આપે છે. એક કર્મ બે વખત ફળ આપતું નથી, પણ જ્ઞાનની વિરાધનાંનો દોષ કષાયોનાં દોષ કરતાં પણ વધારે દુઃખ અને હલકી ગતિ આપે છે.) જીવો જાણતાં કે અજાણતાં જ્ઞાનની વિરાધના કરતાં હોય છે. અને વિરાધનાંનાં ફળ સ્વરૂપે જ સંસાર ભ્રમણ અને ત્રિવિધ તાપમાં બળે છે. **જીવ અનેક પ્રકારે જ્ઞાનની વિરાધનાં કરે છે, પણ જીવ મુખ્યપણે જ્ઞાનની વિરાધનાં કેવી રીતે કરે છે, તેની વિચારણા કરીએ.**

૧. જીવ, આત્મધર્મને (તત્વોને) ખોટા માને તે જ્ઞાનની વિરાધનાં કરી ગણાય.
૨. જીવ, મોક્ષ માટે આત્મતત્વોની બદલે બીજો ધર્મ બતાવે.
૩. જીવ, આત્મધર્મથી બીજા જીવોને વિમુખ કરે તે જ્ઞાનની વિરાધનાં કરી ગણાય.
૪. જીવ, પોતે ધર્મ કરવા માટે બીજા જીવોને આત્મધર્મથી વિમુખ કરે.
૫. જીવ પોતાની ભક્તિ અર્થે બીજા જીવોને ભક્તિથી દુર રાખે અથવા વંચિત કરે.
૬. જીવ, પોતાની માનેલી સમજણથી (શાસ્ત્રનાં આધાર વગર) ધર્મનાં નામે સ્વધર્મીને ધર્મથી દુર કરે, કરાવે અથવા કરનારની અનુમોદનાં કરે.
૭. જીવ, પોતાની સમજણને શ્રી પરમાત્માને નામે બીજા જીવોને ભય પમાડવા આપે.
૮. જીવ, શ્રી પરમાત્માએ આપેલાં તત્વોને પોતાનાં માન, અહંકારનાં કારણે ભુલવાડી દે તે જ્ઞાનની વિરાધનાં કરી ગણાય.
૯. જીવ, ધર્મનાં નામે સંપ્રદાયમાં વિવાદો વધારે તે જ્ઞાનની વિરાધનાં કરી ગણાય.
૧૦. જીવ, ધર્મનાં નામે બાળજીવો પાસે ધર્મનાં તત્વોની વિરૂધ્ધનું આચરણ કરાવે.
૧૧. જીવ, બાળજીવોની ધર્મમાંથી શ્રધ્ધા ઓછી થાય તેવી રીતે વર્તે.
૧૨. જીવ, શ્રી પરમાત્મા કે ધર્મનાં ધારક એવાં સદ્‌ગુરૂ કરતાં અન્યનું ધર્મમાં સ્થાપન કરાવે તે જ્ઞાનની વિરાધનાં કરી ગણાય.
૧૩. જીવ, શ્રી પરમાત્માએ આપેલાં તત્વોની બદલે દ્રવ્યોનો બળવાન આગ્રહ કરે (તત્વો શાશ્વતાં હોય અને દ્રવ્યો અનેક, અને સંજોગ અનુસાર હોય).
૧૪. જીવ, શ્રી પરમાત્માની કે જ્ઞાનની અથવા જ્ઞાનીની નિંદા કરે.
૧૫. જીવ, શ્રી પરમાત્માની પ્રતિમાજી કે ચિત્રપટનું, જ્ઞાનનાં શાસ્ત્રોનું કે સદેહે જ્ઞાનીને નુકશાન કરે તે જ્ઞાનની વિરાધનાં કરી ગણાય.
૧૬. જીવ, બીજા આત્મધર્મીનાં ધર્મની કે ધર્મનાં કારણે જીવની નિંદા કરે.
૧૭. જીવ, ધર્મનાં સ્થાનકોમાં સ્વધર્મીને આત્મધર્મ કરતાં રોકે.
૧૮. જીવ, ધર્મ એવા પ્રગટ સ્વરૂપે કરે કે બીજા સ્વધર્મીમાં નિંદાને પાત્ર ઠરે.
૧૯. જીવ, સ્વધર્મીઓમાં એવા પ્રકારથી (ધર્મનાં નામે કે સંસાર વ્યવહારથી) વર્તે કે જેનાં કારણે સ્વધર્મી સતત આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં રહે તે જ્ઞાનની વિરાધનાં કરી ગણાય.(ધર્મધ્યાન ભુલી જાય).
૨૦. જીવ, શ્રી પરમાત્માનાં નામ કરતાં પોતાનું નામનું મહત્વ મોટું બતાવે.
૨૧. જીવ, મોક્ષમાર્ગની સાધનાંનાં ઉગ્ર સાધકોની (શ્રી સાધુ ભગવંતોની) સાધનામાં વિક્ષેપ કરે તે જ્ઞાનની વિરાધનાં કરી ગણાય.
૨૨. જીવ મોક્ષમાર્ગની સાધનાંનાં ઉગ્ર સાધકોની સાધનામાં વિક્ષેપ થાય એવાં પ્રકારની વૈયા-વચ્ચ કરે. (શ્રી સાધુ ભગવંતો તેમનાં ત્યાગમાં ચલિત થાય)
૨૩. જીવ મોક્ષમાર્ગની સાધનાંનાં ઉગ્ર સાધકો (શ્રી સાધુ ભગવંતો) પાસે સંસાર સબંધી વાર્તાલાપ કરે કે સંસાર વધે તેવા ઉપાય માગે.
**૨૪. શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલું સવંત્સરી સ્વરૂપનું મોક્ષમાર્ગનું મુખ્ય અને મહાપર્વની વિવાદથી વિરાધનાં કરે, કરાવે અથવા અનુમોદના કરે અને તેનાં કારણે જે બાળજીવો આત્મધર્મથી વિમુખ થાય અથવા ધર્મમાંથી શ્રધ્ધા ગુમાવે અથવા શ્રી સાધુ ભગવંતો પ્રત્યે દ્વેષપૂર્વક જુએ અથવા વર્તે તો તે જે જીવો થકી જે થાય તે જીવોને વિરાધનાનો મોટો દોષ લાગે અને તેનાં કારણે જીવને જ્ઞાનાવરણનો મોટો દોષ લાગે અને મિથ્યાત્વમાં મોટું મિથ્યાત્વ ભળે.**

આવા અનેક કારણોથી જીવો જ્ઞાનની વિરાધનાં કરે છે, કરાવે છે અને અનુમોદનાં કરે છે. તો આનો દોષ કોને લાગે તે જીવોએ વિચારવું અને શ્રાવક સમુહે આનું પ્રાયશ્ચિત શું તે શ્રી ધર્માચાર્યો પાસેથી પહેલાં જાણી લેવું અને પછી જ્ઞાનની વિરાધનાં કરવાનું વિચારવું.

**જીવે સંસારનાં નામે, સંસારના કામે અને સંસારમાં કરેલા પાપો અને કષાયો**

**''જીવ''**

**ધર્મની સમજણથી અને શ્રી પરમાત્માની ભક્તિથી**

**ધાર્મિક સ્થાનકોમાં આરાધનાં કરીને છોડે છે.**

**''પણ''**

**ધર્મનાં નામે, ધર્મનાં કામોનાં બહાને, ધાર્મિક સ્થાનકોમાં કરેલા કષાયો**

**''જીવ'' ક્યાં જઈને છોડશે ?**

શ્રી તીર્થંકર પરમાત્માનાં જીવનબોધનું અવલોકન કરવું.

૧. શ્રી પરમાત્મા જે નગરમાં બોધ આપતાં હતાં ત્યાં આગળ એક જીવ ધર્મનાં નામે અને આજીવીકા અર્થે જીવોને ઠગતો હતો તેણે શ્રી પરમાત્માને વિનંતી કરી કે આપ સાચા છો પણ જો આપ અહિંયા રહેશો તો મારૂં ધર્મનાં નામે ઠગવાનું બંધ થશે, શ્રી પરમાત્મમાએ જ્ઞાને કરીને જાણીને વિહાર કરી ગયા. સાર : જે જીવો તરવાની લાયકાતવાળા છે, તે બીજા નિમિત્તથી પણ તરશે, પણ આ જીવ તો જેનાથી તરવાનું છે, તેનો દ્વેષ કરીને નક્કી ડુબશે. આવી શ્રી પરમાત્માની નિષ્કામ કરૂણા કે પોતાનાં નિમિત્તે જીવમાત્ર ડુબે નહીં, તેવું જીવન જીવવું.
૨. શ્રી પરમાત્મા સામે તેનાંજ શિષ્યે તેજોલેશ્યા છોડીને બે શિષ્યોનાં દેહને હાની કરી છતાં અનેક દ્રષ્ટિમાંથી એક દ્રષ્ટિથી તેની સામે પોતે કે શ્રી ગૌતમસ્વામીની અનંત લબ્ધી અને શક્તિનો ઉપયોગ ન કર્યો.

**સાચો ઉપદેશક પોતે તરે છે, અને પોતાનાં આશ્રયે આવેલા સાધકોને તારે છે અને દોષોથી બચાવે છે.**

**એકતાનો આરાધક, સંપ્રદાયનાં સમાધાનનો સાધક, વૃત્તિનાં વમળમાંથી વિભાવને વાળીને, માનને મૂકીને, અહંકારને ઓગાળીને, અભિમાનને અપમાનિત કરીને, શાસ્ત્રોની સમજણ સ્વીકારીને, સ્વકલ્યાણની સાધના કરીને, શ્રી મહાવીર સ્વામીનાં સંપ્રદાયનો સાચો સાધક બને.**

અને સાધનાનાં માર્ગમાં મોટા ગુણો પ્રગટાવતી વખતે નાનો દોષ પણ ગુણનો રોધક બને છે. માટે ગુણો પ્રગટાવવા માટે નાના દોષો (જ્ઞાનની વિરાધનાંનાં) તેનો જો જીવ ઉપયોગ રાખીને વર્તે તો મોટા ગુણો સરળતાથી પ્રકાશીત થાય.

**આત્મધર્મ ધારણ કરવાનો છે, આત્મધર્મ લાદવાનો નથી.**

## ■ શાસ્ત્રમાન્ય સંઘ વ્યવસ્થાથી ધર્મમય અવસ્થા ■

બે ભાઈઓમાં કે સંપ્રદાયનાં બે સમુહમાં ધર્મસબંધી વિવાદ હોય ત્યારે મોટા ભાઈએ કે મોટા સમુહે નાના ભાઈ કે નાના સમુહ પાસે જઈને આદરસહિત નમ્રતાપૂર્વક વિનંતી કરવી જોઈએ કે આપણે સાથે મળીને ધર્મ આરાધનાં કરીએ. તેનાથી સંપ-ધર્મભાવનાં અને ધર્મોલ્લાસ વધશે અને અન્યધર્મીઓમાં આપણાં ધર્મનું માન પણ વધશે, તેવી સમજણ આપીને સમજાવવાં જોઈએ અને કહેવું જોઈએ કે આપણે સૌ સાચા છીએ અને શ્રી પરમાત્માનાં બાળકો છીએ. અને બધા જીવોનું આત્મકલ્યાણનું કારણ બને માટે સાથે મળીને ધર્મ આરાધનાં કરીએ અને સાથે એવા પ્રકારનો વ્યવહાર કરવાનો કે નાના ભાઈએ કે નાના સમુહને એમ ન લાગે કે અમારી ઉપર બળજબરી કે અધિકારથી ધર્મ લાદે છે. પણ સૌ આત્મસન્માનથી અને આત્મગૌરવથી આત્મધર્મ કરીએ છીએ તેવું લાદવું જોઈએ. આમાં કોઈપણ પ્રકારનો ભય, કે શરત લાદવી ન જોઈએ અને આવા પ્રકારની આદર સહિત નમ્રતાપૂર્વકની વિનંતીનો નાનાભાઈએ કે નાના સમુહે શાંત ચિતે વિચાર કરીને સમજણપૂર્વક મોટાભાઈ કે મોટા સમુહનું આત્મકલ્યાણનું વિશાળ દિલ રાખીને હિત વિચારીને સંપ, સ્નેહ અને સંપ્રદાયનાં ગૌરવ માટે અને શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિમાં નિમિત્ત કારણ બનવા ઉત્સાહસહીત ભળીને સૌએ સાથે મળીને સંપ્રદાયનાં સર્વ જીવોમાં ધર્મભાવનાં અને શ્રી પરમાત્મા પ્રત્યે ભક્તિ ભાવ વધે અને સર્વ જીવોનું આત્મલ્યાણ થાય અને આત્મકલ્યાણમાં નિમિત્ત કારણ બનીને એ પ્રકારે જ્ઞાનની આરાધનાં કરવી જોઈએ અને કદાચ નાનો ભાઈ કે નાનો સમુહ ન માને તો મોટાભાઈએ કે મોટા સમુહે ત્યાગભાવનાં બળવાનપણે કેળવીને નાનાભાઈ કે નાના સમુહની સાથે મળીને તેમની અનુકુળ સમજણ પ્રમાણે ધર્મ આરાધનાં કરવી જોઈએ કે જેથી સંપ્રદાયમાં એકતા રહે અને ભાવી જીવોને એકતાને કારણે વિરાધનાંનાં દોષમાં પડવાનું કારણ ન બને. આમાં સંપ્રદાયનાં સર્વ જીવોએ પોતાનો આગ્રહ મુકવાનું કારણ એટલું જ કે આ સવંત્સરીપર્વ (તત્વ) શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલી મોક્ષમાર્ગની એકદમ સરળ, સુગમ અને જીવ ઉધ્ધારક રીતનું અમુલ્ય તત્વનાં કારણ સ્વરૂપ છે.

**વર્તમાન સંજાગોની વિનંતી છે કે**

**''શ્રાવકો માગે વ્યવહાર ધર્મ,**

**શ્રી ધર્માચાર્યો આપે ધર્મ વ્યવહાર''.**

**નોંધ :** આ આખા લેખમાં ક્યાંય શબ્દ કે કાના-માતરની છાપકામમાં ભુલ આવી હોય તો આપણાં શ્રાવક સમુહે તે ભુલને લક્ષમાં લીધા વગર લેખ કે ફકરાનો મર્મ લક્ષમાં લેવો.

ધર્મોપાસક -

રમેશ વેજાણી

**''સવ્વી જીવ કરૂં શાસન રસી''**